BAOU
Education for All

NAAC ACCREDITED A++ GRADE 3.55/4



# DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY

(Established by Government of Gujarat)

## બી.એડ્. સ્પેશ્યલ એજ્યુકેશન (ODL)



## માહિતી માર્ગદર્શન પુસ્તિકા



તમે દૂરવર્તી શિક્ષણના વિદ્યાર્થી બનવા જઈ રહ્યા છો તો સંબંધિત વાંચનસામગ્રી વાંચવાની આદત કેળવો અને દૂરવર્તી શિક્ષણની આ યાત્રાની શરૂઆત આ માહિતી-માર્ગદર્શન પુસ્તિકાથી કરો.

# બી.એડ્. સ્પેશ્યલ એજ્યુકેશન (ODL) પ્રવેશ 2025-26 અંદાજિત કાર્યક્રમ

**(Update માટે યુનિવર્સિટીની વેબસાઈટ જોતાં રહેવું)**

| તારીખ, વાર | વિગત |
|---|---|
| 28/06/2025 | GCAS રજીસ્ટ્રેશન શરૂ |
| 30/06/2025 | BAOU પોર્ટલ પર ફોર્મ શરૂ |
| 28/07/2025 | GCAS રજીસ્ટ્રેશનની અંતિમ તારીખ |
| 31/07/2025 | BAOU પોર્ટલ પર ઓનલાઈન ફોર્મ ભરવાની અંતિમ તારીખ |
| 05/08/2025 | હાર્ડ કોપીમાં યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફોર્મ સ્વીકારવાની અંતિમ તારીખ |
| 12/08/2025 | પ્રવેશ પરીક્ષા - **Offline/Online**<br>(પ્રવેશ પરીક્ષા કેન્દ્રો ઉમેદવારોની સંખ્યા પર આધારિત રહેશે) |
| 13/08/2025 | પ્રવેશપરીક્ષા પરિણામ જાહેર |
| 19/08/2025 | પ્રવેશ મેરીટ જાહેર |
| 29/08/2025 | પ્રવેશ પ્રક્રિયા |
| 30/08/2025 | |
| 31/08/2025 | |

## નોંધ:

- આ સમયપત્રકમાં વિશેષ સંજોગોમાં ફેરફારને અવકાશ છે.
- સ્પે.બી.એડ્. પ્રવેશ પરીક્ષામાં મેરીટમાં આવતા ઉમેદવારોએ યુનિવર્સિટીની વેબસાઈટ પરથી કૉલલેટર ડાઉનલોડ કરવાનો રહેશે.
- હાર્ડ કોપીમાં પ્રવેશફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ **05/08/2025** છે. ભરેલ પ્રવેશફોર્મ રજીસ્ટર પોસ્ટથી કે રૂબરૂ યુનિવર્સિટી કાર્યાલય ખાતે ઉપરોક્ત આપેલ સમયમર્યાદામાં મોકલવાનું રહેશે. પ્રવેશફોર્મની નકલ અમાન્ય ગણાશે.

*Cultivation of mind should be the ultimate aim of human existence... Life should be great rather than long...*



भारतरत्न

Dr. Bhimrao Ramji Ambedkar

14 April 1891 - 06 December 1956

॥ आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः ॥

'ઉત્તમ વિચાર દરેક દિશામાંથી મને પ્રાપ્ત થાઓ'



A warm and heartfelt welcome to all learners who aspire to pursue higher education with the flexibility of time and space, here at Dr. Babasaheb Ambedkar Open University (BAOU), Ahmedabad, Gujarat, Bharat. As aptly said, "our ability to transform lives and society underpins who we are and what we do." Serving as an academic and administrative leader at this esteemed institution, named after the visionary Dr. Babasaheb Ambedkar, has been a deeply enriching journey.

It gives me immense pride to share that BAOU has been conferred the prestigious 12B status by the University Grants Commission (UGC) and has achieved 3rd Rank in the National Institutional Ranking Framework (NIRF) India Rankings 2024. Currently, the university offers 09 online programmes, 07 programmes on the SWAYAM platform, and over 100 programmes through open and distance learning. A new Regional Centre has been established at Palanpur, and we are now preparing to launch the School of Sciences.

Our university remains steadfast in upholding the educational philosophy of Bharat Ratna Dr. Babasaheb Ambedkar. Guided by the motto of "Education for All", we are committed to inclusive and flexible education that reaches every stratum of society. Our efforts are directed toward achieving the university's vision and mission through community development and the adoption of innovative and global best practices in pedagogy. Our key initiatives include Curriculum integration of Indian Knowledge Systems (IKS), Indian languages and scripts, Environmental Education, Life Skills, Human Values, and Professional Ethics. BAOU has implemented NEP 2020 with flexible entry-exit options, credit transfer, Admission per course, Academic Bank of Credit and on-demand examinations

We have also introduced impactful societal outreach programmes, including Adoption of villages for development initiatives, 'Atri' Special Learner Support Centre to educate sex workers, transgender individuals, persons with HIV/AIDS, and the differently abled. Free education for all transgender learners, Jail Inmates and wives and children of army martyrs, 'Gargi' – Centre for the Holistic Development of Women, which supports women researchers through grants, Bal Sanskar Kendra for value-based early childhood development, Centre for Recognizing Prior Learning (RPL) for acknowledging informal and experiential learning.

It is an honour to be part of this transformative movement in the open and distance learning ecosystem. Together, with the dedicated efforts of our team, we strive to deliver quality education and create meaningful change in the lives of our learners and the broader community.

I extend my sincere gratitude to the State Government, governing bodies, and all our partners and stakeholders for their continued guidance and support in realizing the university's mission.

Let us continue to reach new milestones in our shared journey of education and empowerment.

**Best Wishes,**
**Prof. (Dr.) Ami Upadhyay**
Vice Chancellor
Dr. Babasaheb Ambedkar Open University



# યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ

ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...

# અનુક્રમણિકા


## ૧. આપણી યુનિવર્સિટી

- ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના
- મુદ્રા-ધ્યાનમંત્ર : અર્થબોધ
- યુનિવર્સિટીના ઉદ્દેશો
- યુનિવર્સિટીની વિશિષ્ટતાઓ
- લક્ષ્યાંકિત જનસમૂહો
- સંસ્થાકીય વહીવટી માળખું
- વિદ્યાર્થી સહાય વ્યવસ્થા

## ૨. સ્પેશ્યલ એજ્યુકેશન બી.એડ્.

૨.૧ અભ્યાસક્રમનું માળખું

૨.૨ સંપર્ક કાર્યક્રમ

૨.૩ બી.એડ્. સ્પેશ્યલ એજ્યુકેશન અભ્યાસક્રમ માટેની સામાન્ય સૂચના

૨.૪ B.Ed. Spl. Online ફોર્મ ભરવા માટેની સામાન્ય સૂચનાઓ

૨.૫ સ્પેશ્યલ એજ્યુકેશન બી.એડ્. અભ્યાસકેન્દ્ર







# 1 આપણી યુનિવર્સિટી



## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા દૂરદર્શિતા દાખવીને વર્ષ 1994માં રાજ્યનાં શૈક્ષણિક માળખામાં ઓપન યુનિવર્સિટી અને દૂરવર્તી શિક્ષણને શરૂ કરવા અને આગળ વધારવાના હેતુથી ગુજરાત રાજ્યમાં ઓપન યુનિવર્સિટી સ્થાપવાનો અધિનિયમ(ACT)- ‘ગુજરાત એક્ટ નં.14’ વિધાનસભામાં પસાર કરીને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી. યુનિવર્સિટીની સ્થાપના દિ.13 એપ્રિલ 1994ના રોજ થઈ.

## મુદ્રા - ધ્યાનમંત્ર : અર્થબોધ

મુદ્રાનું **વર્તુળાકાર** સ્વરૂપ બીજ, ગર્ભાશય અથવા સૂર્યનું પ્રતીક છે; જેમાંથી સર્જનની શરૂઆત થાય છે. સમગ્ર ભાર સ્રોત-સ્વ- ઉપર છે.

**સમગ્ર મુદ્રામાં** એક પ્રકારની બદ્ધતા જોવા મળે છે, પણ સાથે સાથે એ જ્ઞાનપ્રાપ્તિ માટે ખુલ્લી જગ્યા ધરાવે છે. મુદ્રામાં રહેલી પ્રવાહિતા ‘પરિવર્તનશીલતા’ અને વિસ્તૃત વ્યાપ દર્શાવે છે; જે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના લક્ષણો છે.

**‘સ્વાધ્યાયઃ પરમં તપઃ’** - ‘સ્વઅધ્યયન એ સર્વોચ્ચ તપ છે’ એ મુદ્રાદર્શનનો આધાર છે. આપણી પાસે રહેલાં સાધનો અને આંતરિક શક્તિઓને જીવનમાં પ્રગતિ કરવા અને ઉમદા ધ્યેયો સિદ્ધ કરવા બહાર લાવવાનાં છે.

‘સ્વાધ્યાયઃ પરમં તપઃ’ - ‘સ્વઅધ્યયન એ સર્વોચ્ચ તપ છે’ અને ‘જીવનપંથ ઉજાળ’-બન્ને સૂત્રોમાં એક સહિયારૂં તત્ત્વપ્રકાશ છે; જે **જ્યોત** દ્વારા દર્શાવાય છે. જ્યોત-તપ, પ્રકાશ, ઝંખના, જ્ઞાન અને દર્શનનું પ્રતિનિધિત્વ કરે છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના દ્વાર શિક્ષણ મેળવવા ઈચ્છુક પ્રત્યેક વ્યક્તિ માટે ખુલ્લા છે. સ્થળ, સમય અને વયની મર્યાદાઓથી મુક્ત એવા આ વિદ્યાધામમાં પ્રત્યેક વ્યક્તિ શિક્ષણ મેળવી શકે છે અને 'Education for All' સૂત્રનું વાસ્તવમાં પરિપાલન થાય છે.આ સૂત્ર યુનિવર્સિટીની મુદ્રા સાથે યથાયોગ્ય સ્થાન પામ્યું છે.

BAOU Education for All

स्वाध्यायः परमं तपः

## યુનિવર્સિટીના ઉદ્દેશો:

- અત્યાધુનિક સંચારમાધ્યમો, માહિતી પ્રસારણ તથા જ્ઞાનસંપાદનની અનેકવિધ શક્યતાઓને ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે લાગુ કરી વ્યાપક જનસમાજના બૌદ્ધિક, સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક ઉત્કર્ષ માટે સક્રિયતાપૂર્વક પ્રયાસ કરવો.
- રાજ્યની વસ્તીના દરેક વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરવાની સમાન તકો પૂરી પાડવી.
- સમાજના શૈક્ષણિક ઉત્કર્ષને પ્રાથમિકતા આપવી.
- રાજ્યના શૈક્ષણિક માળખામાં ઓપન યુનિવર્સિટી અને દૂરવર્તી શિક્ષણપદ્ધતિને પ્રોત્સાહિત કરવી.

## યુનિવર્સિટીની વિશિષ્ટતાઓ:

ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા વર્ષ 1994થી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની સ્થાપના કરવામાં આવેલ છે. આ યુનિવર્સિટીમાં સ્નાતક અને અનુસ્નાતક તથા વિવિધ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે અને વર્ષમાં બે વાર વિવિધ પ્રવેશ/પરીક્ષાની કામગીરી પણ કરવામાં આવે છે. યુનિવર્સિટી દ્વારા દર વર્ષે વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવે છે. રાજ્યની વિવિધ ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજો/સરકારી કોલેજો/અન્ય સંસ્થાઓમાં યુનિવર્સિટીના અભ્યાસકેન્દ્રો ચલાવવામાં આવે છે અને યુનિવર્સિટી દ્વારા માર્ગદર્શન/પરામર્શનની વ્યવસ્થા આ અભ્યાસકેન્દ્રોમાં કરવામાં આવેલ છે.

- ગુણવત્તાયુક્ત ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરવા માટે અનુકૂળ સમયે અને ઘેર બેઠાં અભ્યાસ કરવાની સગવડ.
- શહેર કે અંતરિયાળ ગામડામાં રહેતા સૌને સમાન ધોરણવાળું શિક્ષણ.
- જરૂરિયાત આધારિત વ્યવસાયલક્ષી અને ભાવિ કારકિર્દીલક્ષી અભ્યાસક્રમો વિકસાવવાનો અભિગમ.
- નવોન્મેષ સભર અભ્યાસક્રમો વિકસાવવામાં પરિણામલક્ષી અભિગમ
- સ્વ-અધ્યયન માટે ઉચ્ચ ગુણવત્તાવાળી અભ્યાસસામગ્રી.
- વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક, વહીવટી તેમજ માહિતી વિષયક સહાય માટે 'વિદ્યાર્થી સહાય સેવાઓ' અંતર્ગત રાજ્યવ્યાપી અભ્યાસકેન્દ્રોનું નેટવર્ક.
- વિદ્યાર્થીઓને પોતાની ગતિએ અને અનુકૂળતાએ અભ્યાસક્રમપૂર્ણ કરવાની પરિવર્તનક્ષમ સુવિધા.
- દેશની અન્ય ઓપન યુનિવર્સિટીઓ સાથેનાં જોડાણોને લીધે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય જ્ઞાન સરળ ગુજરાતી માધ્યમમાં ઉપલબ્ધ કરવાની સગવડ.
- જીવંત 'ફૉન ઈન રેડિયો કાઉન્સેલિંગ' તથા 'સૅટેલાઈટ ઓપન ઍન્ડ ડિસ્ટન્સ લર્નિંગ' દ્વારા પરામર્શનની વ્યવસ્થા.
- અત્યાધુનિક "સ્ટેટ ઑફ ધ આર્ટ" ચૈતન્ય સ્ટુડિયો દ્વારા ગુણવત્તાયુક્ત શ્રાવ્ય તથા દ્રશ્ય-શ્રાવ્ય શૈક્ષણિક સામગ્રીનું નિર્માણ તથા ઈન્ટરનેટની મદદથી "સ્વાધ્યાય રેડિયો" અને "સ્વાધ્યાય ટેલિવિઝન"નાં માધ્યમથી પ્રસારિત આ શૈક્ષણિક સામગ્રી અને અન્ય ઉપયોગી માહિતી મોબાઈલ, ટેબલેટ, લેપ-ટોપ કે ડેસ્ક ટોપ દ્વારા કોઈપણ સમય અને કોઈપણ સ્થળે મેળવવાની સુવિધા.
- સામાન્ય વ્યક્તિને તથા વિદ્યાર્થીને યુનિવર્સિટી વિષયક પ્રવેશ, પરીક્ષા આવશ્યક તમામ માહિતી પૂરી પાડતી સતત અપડેટ થતી વેબસાઈટ.
- 10+2 ઉત્તીર્ણ થયેલ કોઈપણ વિદ્યાશાખાનો વિદ્યાર્થી યુનિવર્સિટીના કોઈપણ સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ લઈ શકે છે.
- વિદ્યાર્થીને અભ્યાસ-સંપૂટ, ગુણપત્રક તથા પ્રમાણપત્ર પોતાના સરનામે મળી રહે તેવી યુનિવર્સિટી દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે.

## લક્ષ્યાંકિત જનસમૂહો

- ધોરણ 10+2 પાસ થયેલ કોઈપણ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓનો વિશાળ સમૂહ
- યુનિવર્સિટીમાં બાહ્ય રીતે શિક્ષણ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓનો સમુદાય
- પરંપરાગત યુનિવર્સિટીમાં નિયમિત કે ઍક્સ્ટર્નલ અભ્યાસ કરતાં કરતાં સમાંતર રીતે પ્રમાણપત્ર કે ડિપ્લોમા અભ્યાસક્રમનું શિક્ષણ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ
- ધોરણ 12માં ઉત્તીર્ણ થઈને દૂરવર્તી પદ્ધતિથી વાણિજ્ય કે વિનયન શાખામાં ડિપ્લોમા કે સ્નાતક કક્ષાનો અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ
- તકના અભાવે કે આર્થિક, સામાજિક સંજોગોના કારણે જેમનો અભ્યાસ અધૂરો રહી ગયો હોય તેમને ઘરે બેઠાં અભ્યાસ કરવાની અનુકૂળતા
- શ્રમજીવીઓ અને ગૃહિણીઓનો એક વર્ગ પોતાની શૈક્ષણિક લાયકાતમાં અભિવૃદ્ધિ કરવા ઈચ્છે છે તેમને સમયની અનુકૂળતા મુજબ અભ્યાસની વ્યવસ્થા
- નોકરી-વ્યવસાયમાં પ્રવૃત્ત કે અંતરિયાળ ગ્રામવિસ્તારના ઉચ્ચશિક્ષણથી વંચિત જનસમુદાય માટે અભ્યાસની તક.
- જેલમાં સજા ભોગવતા કેદીઓ માટે અભ્યાસની તક

## સંસ્થાકીય વહીવટી માળખું

ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલશ્રી યુનિવર્સિટીના કુલાધિપતિ છે. કુલપતિશ્રી, નિયામકશ્રીઓ, કુલસચિવશ્રી અને નાણાંઅધિકારીશ્રી યુનિવર્સિટીના અધિકારીઓ છે. બોર્ડ ઑફ મૅનેજમેન્ટ, એકેડેમિક પ્લાનિંગ બોર્ડ અને નાણાં સમિતિ યુનિવર્સિટીનાં સત્તામંડળો છે. વિવિધ વિષયોની અભ્યાસ-સામગ્રીનાં આયોજન, વિકાસ અને સંશોધન માટે શૈક્ષણિક વિભાગ છે. જ્યારે પ્રવેશ, સામગ્રી વિતરણ, પ્રાદેશિક સેવાઓ અને મૂલ્યાંકન માટે વિદ્યાર્થી સેવા-વિભાગ કાર્યરત છે.

## વિદ્યાર્થી સહાય વ્યવસ્થા

વિદ્યાર્થી સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીનો યથાર્થ ઉપયોગ કરી શકે અને જે તે પાઠ્યક્રમના અભ્યાસમાં ઉદ્ભવતી મુશ્કેલીઓનું નિવારણ થઈ શકે તે માટે તથા અનુભવી પરામર્શક દ્વારા શૈક્ષણિક સહાય તથા માર્ગદર્શન માટે રાજ્યના જુદાં જુદાં સ્થળે ફાળવવામાં આવેલા અભ્યાસકેન્દ્રોમાં સુયોગ્ય વ્યવસ્થા છે. દરેક વિદ્યાર્થી પોતાને નજીક તથા અનુકૂળ અભ્યાસકેન્દ્ર પસંદ કરી શકે છે. આ ઉપરાંત વિદ્યાર્થીને વહીવટી બાબતો અંગેની સહાય માટે યુનિવર્સિટીમાં વિદ્યાર્થી સહાય સેવાઓ અંતર્ગત સંબંધિત પ્રાદેશિક વિભાગનો પ્રત્યક્ષ કે પત્ર/ઈ-મેઈલ દ્વારા સંપર્ક કરવાની વ્યવસ્થા છે.

## વર્ગાંકન પ્રણાલી (Credit system)

સ્પે.બી.એડ્. બી.એડ્. સ્પૅ. ઍજ્યુકેશન અભ્યાસક્રમમાં ૧૫ કલાકની અધ્યયન પ્રવૃત્તિની ૦૧-ક્રેડિટ હોય છે. ઉદાહરણ તરીકે ૦૪-ક્રેડિટ ધરાવતા અભ્યાસક્રમને ૬૦ કલાક ફાળવવામાં આવે છે. અભ્યાસક્રમનો ભારાંક ક્રેડિટ ગુણની પરિભાષામાં દર્શાવવામાં આવે છે. આનાથી અધ્યેતાને જે તે અભ્યાસક્રમમાં કેટલા વિદ્યાકીય કામ કરવા પડશે તે સમજવામાં મદદ મળે છે. અભ્યાસ દરમ્યાન સ્વાધ્યાયો પૂર્ણ કરવા, સત્રાંત પરીક્ષામાં અભ્યાસક્રમના બધા વિષયો અને પ્રાયોગિક કાર્યો જાગૃતિપૂર્વક પૂરા કરવા જરૂરી છે.

## યુનિવર્સિટીના સેલ

- **Anti Ragging Cell**
- **SC-ST Cell**
- **Department Grievance Redressal Cell (DGRC)**
- **Training and Placement Cell**
- **University Grievance Redressal Cells (UGRC)**
- **Institutional Grievance Redressal Cell (IGRC)**

# 2 સ્પૅશ્યલ ઍજ્યુકેશન બી. એડ્.

**બેચલર ઑફ ઍજ્યુકેશન સ્પૅશ્યલ ઍજ્યુકેશન (વિશિષ્ટ વિકલાંગતા અને સંમિલિત શિક્ષણ) (VI/HI/ID) બી.એડ્. સ્પૅ. ઍજ્યુકેશનનાં મુખ્ય કાર્ય નીચેની બાબતોને લગતી શૈક્ષણિક પ્રવૃત્તિઓ હાથ ધરવાની છે.**

- વ્યવસાય તરીકે શિક્ષણની વ્યવહારક્રિયાના વિવિધ પાસાં.
- વિદ્યામૂલક અભ્યાસના વિષય તરીકે વિશિષ્ટ શિક્ષણની વિવિધ શાખાઓ.
- વિશેષ શિક્ષણનાં ક્ષેત્રોમાંના શિક્ષણ અને તાલીમના કાર્યક્રમો માટે બહુવિધ માધ્યમ સંપુટનો વિકાસ.

## ભાવિ યોજનાઓ :

ડી.એસ.ઈ. દ્વારા નીચેની બાબતોનું આયોજન છે.

- જેઓ વિશિષ્ટ શિક્ષણનાં ક્ષેત્રમાં હાલમાં કાર્ય કરી જ રહ્યા છે તે વ્યક્તિઓની કુશળતાઓનું સ્તર ઊંચે લઈ જવું.
- જુદી જુદી રીતની ક્ષમતા ધરાવતી વ્યક્તિઓના પુર્નવસન અને શક્તિસિંચન માટે આંતર-વિદ્યાકીય સંશોધન અને પ્રશિક્ષણ કાર્યક્રમો.
- આર.સી.આઈ. અને બી.એ.ઓ.યુ. વચ્ચે ભવિષ્યમાં ખાસ કરીને બીએડ્. સ્પૅ. ઍજ્યુકેશન અને એના કાર્યક્રમોને વૈશ્વિક સ્તરના બનાવવાને ત્રિપક્ષીય સહમતી ઉપર સહી થયેલી છે.

## રિહેબિલિટેશન કાઉન્સિલ ઑફ ઈન્ડિયા (આર.સી.આઈ.- ભારતીય પુનર્વસન પરિષદ)

૧૯૯૨માં સંસદે રિહેબિલિટેશન કાઉન્સિલ ઑફ ઈન્ડિયા એકટ પસાર કર્યો. જેની અધિસૂચના બહાર પાડી હતી અને તે જૂન ૧૯૯૩થી અસરકારક બન્યો હતો. આ ધારો આર.સી.આઈ. ઉપર નીચેની અગત્યની જવાબદારીઓ મૂકે છે.

- વિશિષ્ટ શિક્ષણ અથવા દિવ્યાંગજનના પુનર્વસન માટે જરૂરના તમામ વ્યવસાયિકો માટેનાં પાઠ્યક્રમોનું ધોરણીકરણ પુનર્વસન વ્યવસાયિકોના પ્રશિક્ષણ માટેનાં વિષયક્ષેત્ર (કોર્સીસ) ચલાવવા સંસ્થાઓની માન્યતા
- પુનર્વસનના ક્ષેત્રમાંની તમામ લાયકાત ધરાવતી વ્યક્તિઓની કેન્દ્રીય નોંધવહી (સેન્ટ્રલ રજિસ્ટર)ની જાળવણી.

આ ધારો એવી પણ જોગવાઈ કરે છે કે કોઈપણ વ્યક્તિ માન્યતા ધરાવતી લાયકાત પ્રાપ્ત કર્યા વગર વિકલાંગજનોને સેવાઓ પહોંચાડશે

તો તેની વિરુદ્ધ પોલીસ અધિકાર (કોગ્નાઈઝેબલ ઑફેન્સ)નો ગુનો દાખલ થશે. છેલ્લા વર્ષોમાં રિહેબિલિટેશન કાઉન્સિલ ઑફ ઈન્ડિયાએ દિવ્યાંગજનો માટે વધુ સારા જીવનની ગુણવત્તા આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

**રિહેબિલિટેશન કાઉન્સિલ ઑફ ઈન્ડિયા (આર.સી.આઈ.) અને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (બીએઓયુ)ના સંયુક્ત ઉપક્રમે આ અભ્યાસક્રમનું આયોજન થશે.**

## પરિભાષા :

બી.એડ્. સ્પૅ. ઍજ્યુકેશનના પાઠ્યક્રમોની પરિભાષા ૨૦૦૮ અને ૨૦૧૪ની યુજીસીની જાહેરાત મુજબ હોવી જોઈએ અને નવી પરિભાષા બી.એડ્. સ્પૅ. ઍજ્યુકેશન (વિશિષ્ટ વિકલાંગતાનું નામ) જેમ કે દૃષ્ટિક્ષતિ માટે બી.એડ્. સ્પૅશ્યલ ઍજ્યુકેશન (VI) એટલે કે બી.એડ્. સ્પૅ. ઍજ્યુકેશન (વિશિષ્ટ વિકલાંગતા) પરિભાષા થશે.

## વ્યાપક ઉદ્દેશો :

બી.એડ્. વિશિષ્ટ શિક્ષણના દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ (બી.એડ્. સ્પૅ. ઍજ્યુકેશન) કાર્યક્રમ ૨૧મી સદીમાં તરતમાં આવી રહેલા માહિતી પ્રૌદ્યોગિકી ક્રાંતિ અને વૈશ્વિકરણનાં યુગમાં શિક્ષણનાં બૃહદ્-બોધની અંદર જ વિશિષ્ટ અને સંમિલિત શિક્ષણ માટે વ્યવસાયિકોને વિકસાવવાની નેમ રાખે છે. આ પ્રતીતિ બોધની અંદર જ કહેવાતા દિવ્યાંગજનોને જુદી જુદી રીતે ક્ષમતા ધરાવનાર તરીકે સમજવામાં આવ્યા છે અને શિક્ષણકાર્ય એ કોઈ વ્યવસાય નથી પણ એક ધ્યેય સમર્પિત કાર્ય છે એમ સમજી લેવામાં આવ્યું છે. આ કાર્યક્રમ આવશ્યક જ્ઞાન, સમજ, મનોવલણ અને કુશળતાઓ આત્મસાત કરીને તે મારફતે ઈચ્છુકોને શિક્ષક-વ્યવસાયિકો તરીકે પરિવર્તનના વાહક બનવા શિક્ષણ આપવાની અને તાલીમ આપવાની નેમ રાખે છે. શિક્ષણ અને તાલીમ તેઓને માટે કોઈપણ વિકલાંગ, જુદી રીતે સક્ષમ બાળકમાં સુષુપ્ત બુદ્ધિકૌશલ્યોને બહાર લાવવાનું શક્ય બનાવશે. તેઓનામાં શ્રદ્ધા અને તેવી જ રીતે સ્વતંત્રતાનો ભાવ, આત્મસન્માન અને ગૌરવનો ખ્યાલ વિકસાવશે. માત્ર તેમને સ્વનિર્ભર કરવા માટે જ નહિ, પરંતુ તેઓની સેવાઓનો સમાજ અને રાષ્ટ્રને ફાળો આપવા માટે પણ તેમને તૈયાર કરવામાં આવશે.

## કાર્યક્રમ ઉદ્દેશો :

બીએઓયુનો આ બી.એડ્. સ્પૅ.ઍજ્યુકેશન કાર્યક્રમ તાલીમાર્થી શિક્ષકોને નીચેના ઉદ્દેશ હાંસલ કરવાનું શક્ય બનાવવાની નેમ રાખે છે.

- ઈન્ફોર્મેશન ટૅક્નૉલૉજીક્ષેત્રે ક્રાંતિ અને વૈશ્વિકરણના યુગમાં બાળકોને સંમિલિત અને વિશિષ્ટ શાળાઓમાં શિક્ષણ આપીને પ્રવર્તમાન અને નવા ઊભરતા ભારતીય સમાજમાં પરિવર્તનના વાહક તરીકે વિશિષ્ટ રીતે તાલીમ પામેલા વ્યવસાયિકોમાં તેઓની ભૂમિકાનો વ્યાપક પ્રતીતિ- બોધ વિકસાવવો.
- કહેવાતા 'વિકલાંગજન'ને જુદી રીતે ક્ષમતા ધરાવનારા તરીકે સમજવા અને તેઓનામાં સ્વતંત્રતા, આત્મસન્માન અને ગૌરવના ભાવથી સમાજસેવા કરવા માટે તેમનામાં રહેલી સંભાવનાઓ / ક્ષમતાનો વિકાસ કરવો.
- શીખવા આવનાર દિવ્યાંગજનોના જૂથને શિક્ષણ આપવા વ્યવસાયિક કૌશલક્ષમતાઓ વિકસાવવી.
- સંમિલિત / સંકલિત / વિશિષ્ટ શિક્ષણનાં માળખામાં વિકલાંગતા ક્ષેત્ર વિશે શીખનારાઓના વિશિષ્ટ જૂથોનાં શીખવાના અનુભવોને સંયોજિત કરવાની વિવિધ પદ્ધતિઓ અને અભિગમોને જાણવા અને સમજવા.
- શીખવાના અનુભવોની પસંદગી અને કૌશલક્ષમતાઓ વિકસાવવી.
- બાળકોના સ્વભાવ અને તેઓની શીખીને, સમજવાની પ્રક્રિયા સમજવી.
- વિશિષ્ટ તાલીમાર્થીઓની શૈક્ષણિક અને વ્યક્તિગત સમસ્યાઓ હલ કરવાની કૌશલ ક્ષમતાઓ વિકસાવવી.
- મૂલ્યાંકનની વિવિધ પદ્ધતિઓ અને તકનીકો તેમજ તેઓનાં ઉપયોજન વિશે જાણવું અને સમજવું.
- મૂલ્યાંકન કરવાનાં સંસાધનોની પસંદગી, વિકાસ અને ઉપયોગ માટે કૌશલ ક્ષમતાઓ વિકસાવવી.
- વિવિધ, વિશિષ્ટ અથવા સંમિલિત શાળાનું સંચાલન કરવાની ક્ષમતા વિશે જાણવું, સમજવું અને તેને વિકસાવવી.
- શીખવવા માટેની વિવિધ અને વિદ્યાર્થીપૂરક પ્રવૃત્તિઓનું સંયોજન કરવા કૌશલ ક્ષમતાઓ વિકસાવવી.

## સમયગાળો :

આ કાર્યક્રમની લઘુત્તમ મુદત અઢી વર્ષ (5 સેમેસ્ટર) અને મહત્તમ મુદત 5 વર્ષની છે.

## શિક્ષણનું માધ્યમ અને પરીક્ષા :

સ્વાધ્યાયની સામગ્રી ગુજરાતીમાં ઉપલબ્ધ થશે.

- અભ્યાસલક્ષી વ્યવહાર અંગ્રેજી / હિન્દી / ગુજરાતીમાં થઈ શકશે.
- પરીક્ષા ગુજરાતી / હિન્દી / અંગ્રેજી માધ્યમમાં આપી શકાશે.

**પ્રવેશ પાત્રતા :**

(A) સ્નાતક કક્ષાની પદવીમાં 50 % અથવા વિજ્ઞાન, સમાજવિદ્યા, માનવશાસ્ત્રમાં અનુસ્નાતક પદવી, ઍન્જિનિયરિંગ અથવા ટૅક્નૉલૉજીમાં વિજ્ઞાન અને ગણિતમાં 55 % ગુણ અથવા તેના જેવી અન્ય લાયકાત કાર્યક્રમમાં પ્રવેશ માટે જરૂરી રહેશે.

(B) SC/ST/PWDના વિદ્યાર્થીઓ માટે 5 % ની છૂટછાટ ગુજરાત રાજ્યના ધારા ધોરણ મુજબ આપવામાં આવશે.

(C) ભારતીય પુનર્વસન પરિષદ (RCI)ના નિયમાનુસાર ગુણવત્તા યાદી (મેરિટલિસ્ટ)માં નીચે પ્રમાણે વિશેષ ગુણભારનો લાભ સંબંધિત ઉમેદવારને મળશે.

| | |
|---|---|
| (1) વિકલાંગ બાળકનાં માતા-પિતા | 10 ગુણ |
| (2) વિકલાંગ વ્યક્તિ | 10 ગુણ |
| (3) RCI માન્ય કોઈ એક લાયકાત ધરાવનાર | 10 ગુણ |

**નોંધ :** (1) વિકલાંગતા ધરાવતા બાળકનું પ્રમાણપત્ર રજૂ કરવું.

(2) વિકલાંગ વ્યક્તિએ પોતાનું વિકલાંગતા અંગેનું તબીબી પ્રમાણપત્ર રજૂ કરવું.

(3) RCI માન્ય કોર્સ કર્યા અંગેનું પ્રમાણપત્ર / રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ રજૂ કરવું.

- **ફીના નિયમો :**

સમગ્ર અભ્યાસક્રની ફીનું ધોરણ પ્રવેશાર્થીઓ માટે 30,000/- પ્રવેશ પ્રક્રિયા વખતે ઉમેદવારે આ ફી રોકડેથી, ચેકથી અને ડી.ડી.થી ભરવાની રહેશે. પ્રવેશ વખતે પૂરેપૂરી ફી ન ભરનારને પ્રવેશ મેળવવાનો હક રહેશે નહીં.
**એક વખત પ્રવેશ લીધા પછી કોઈપણ સંજોગોમાં ફી પરત કરવામાં આવશે નહીં.**

**નોંધ : જે વિદ્યાર્થીઓ અભ્યાસસામગ્રી માટે સોફ્ટ કોપી (પુસ્તક વિના)નો વિકલ્પ પસંદ કરશે તેઓને અભ્યાસક્રમની ફીમાંથી 5% ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે જ્યારે જેઓ હાર્ડ કોપી (પુસ્તક સાથે)નો વિકલ્પ પસંદ કરશે તેઓએ અભ્યાસક્રમની નિયત કરેલ પૂરેપૂરી ફી ભરવાની રહેશે.**

# 2.1 અભ્યાસક્રમનું માળખું

દૂરવર્તી શિક્ષણની પદ્ધતિમાં બી.એડ્. સ્પૅશ્યલ ઍજ્યુકેશનનો કાર્યક્રમ 26 વિષયક્ષેત્રોનો બનેલો હશે. 19 સૈદ્ધાંતિક વિષયક્ષેત્ર અને 7 પ્રાયોગિક વિષયક્ષેત્ર. સૈદ્ધાંતિક અને પ્રાયોગિક વિષયક્ષેત્રોના ઘટકો નીચે મુજબ જૂથ એ થી જૂથ એફ હેઠળ આપેલાં છે.

- **જૂથ એ : અધ્યાપનશાની પાયાની સૈદ્ધાંતિક સમજ (કોર પેડાગોગી થિયરી કોર્સીસ)**

નીચેના બધા જ (ત્રણ) અધ્યાપનશા વિષયક્ષેત્ર ફરજિયાત છે.

| | | | | |
|---|---|---|---|---|
| એસ ઈ સી પી (એ-1) | 01 | - | માનવીય વૃદ્ધિ અને વિકાસ | (સેમેસ્ટર-1) |
| એસ ઈ સી પી (એ-2) | 02 | - | સમકાલીન ભારત અને શિક્ષણ | (સેમેસ્ટર-1) |
| એસ ઈ સી પી (એ-3) | 03 | - | અધ્યયન, અધ્યાપન અને મૂલ્યાંકન | (સેમેસ્ટર-2) |

- **જૂથ બી : સામાન્ય સમાવિષ્ટ - આધારિત પદ્ધતિ પ્રણાલી (મેથડોલોજી) સૈદ્ધાંતિક વિષયક્ષેત્રો**

વિદ્યાર્થીઓએ નીચેના બે પેટાજૂથોમાંથી દરેકમાંથી એકની પસંદગી કરીને કોઈપણ બે વિષયક્ષેત્ર અધ્યયન માટે નક્કી કરવાના રહેશે.

**પેટા જૂથ (એ-4)**

**બી - 1 - નીચેનામાંથી કોઈ પણ એક વિષયક્ષેત્ર (સેમેસ્ટર - 2)**

| | | | |
|---|---|---|---|
| એસ ઈ સી એમ | 01 | - | વિજ્ઞાનનું શિક્ષણકાર્ય |
| એસ ઈ સી એમ | 02 | - | ગણિતનું શિક્ષણકાર્ય |
| એસ ઈ સી એમ | 03 | - | સમાજવિદ્યાનું શિક્ષણકાર્ય |

**પેટા જૂથ (એ-5)**

**બી - 2 - નીચેનામાંથી કોઈ પણ એક વિષયક્ષેત્ર (સેમેસ્ટર - 3)**

| | | | |
|---|---|---|---|
| એસ ઈ સી એમ | 04 | - | હિન્દીનું શિક્ષણકાર્ય |
| એસ ઈ સી એમ | 05 | - | અંગ્રેજીનું શિક્ષણકાર્ય |
| એસ ઈ સી એમ | 06 | - | ગુજરાતીનું શિક્ષણકાર્ય |

- **જૂથ સી - ક્રોસ ડીસેબિલિટી અને સંમિલિત શિક્ષણ (ફરજિયાત)**

| | | | | |
|---|---|---|---|---|
| એસ ઈ સી ડી (બી-6) | 01 | - | સંમિલિત શિક્ષણ | (સેમેસ્ટર - 2) |
| એસ ઈ સી ડી (બી-7) | 02 | - | સંવેદનાત્મક વિકલાંગતાનો પરિચય | (સેમેસ્ટર - 1) |
| એસ ઈ સી ડી (બી-8) | 03 | - | જ્ઞાનતંતુની વિકાસાત્મક વિકલાંગતાનો પરિચય | (સેમેસ્ટર - 1) |
| એસ ઈ સી ડી (બી-9) | 04 | - | લોકોમોટર અને બહુવિધ વિકલાંગતાનો પરિચય | (સેમેસ્ટર - 1) |

## ❑ જૂથ ડી - કૌશલ્ય આધારિત વૈકલ્પિક અભ્યાસક્રમ

### બી - 10 - ક્રોસ ડીસેબિલિટી અને સંમિલિત શિક્ષણ (સેમેસ્ટ-4)

નીચેનામાંથી કોઈપણ એકની પસંદગી કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| એસ ઈ એસ બી (બી-10) | એ - | સલાહ અને માર્ગદર્શન |
| એસ ઈ એસ બી (બી-10) | બી - | સમુદાય આધારિત પુનર્વસન |

### બી - 11 - વિશિષ્ટ વિકલાંગતા ક્ષેત્ર (સેમેસ્ટ-5)

વિદ્યાર્થીઓએ કોઈપણ એકની પસંદગી કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| એસ ઈ ડી એસ-06 | એ - | ઓરીએન્ટેશન અને મોબીલીટી |
| એસ ઈ ડી એસ-07 | બી - | પ્રત્યાયનના વિકલ્પો |
| એસ ઈ ડી એસ-10 | સી - | વ્યાવસાયિક તાલીમ, સંક્રમણ અને નિયુક્તિ |

## ❑ જૂથ - ઈ - વિકલાંગતા ક્ષેત્રોમાં વિશિષ્ટીકૃત સૈદ્ધાંતિક વિષયક્ષેત્ર (ફરજિયાત)

પસંદગી કરીને અધ્યયન માટે નક્કી કરવા નીચેના વિશિષ્ટીકૃત પ્રવાહો (પેટા જૂથ - ઈ-1, ઈ-2 અથવા ઈ-3 માંથી કોઈપણ એક પ્રાપ્ય થશે.)

### વિશિષ્ટતા પેટા જૂથ (ઈ - 1) દૃષ્ટિક્ષતિ (VI)

| | | |
|---|---|---|
| એસ ઈ એસ વી (સી-12) | આકારણી અને જરૂરિયાતોની ઓળખ | (સેમેસ્ટર - 2) |
| એસ ઈ એસ વી (સી-13) | અભ્યાસક્રમ, રૂપાંતરણ અને મૂલ્યાંકન | (સેમેસ્ટર - 3) |
| એસ ઈ એસ વી (સી-14) | હસ્તક્ષેપ અને શિક્ષણ વ્યૂહરચના | (સેમેસ્ટર - 3) |
| એસ ઈ એસ વી (સી-15) | પ્રોદ્યોગિકી અને દિવ્યાંગતા | (સૈમેસ્ટર - 4) |
| એસ ઈ એસ વી (સી-16) | મનોસામાજિક અને કૌટુંબિક સમસ્યાઓ | (સેમેસ્ટર - 4) |

### પેટા જૂથ (ઈ - 2) શ્રવણક્ષતિ (HI)

| | | |
|---|---|---|
| એસ ઈ એસ એચ (સી-12) | આકારણી એ જરૂરિયાતોની ઓળખ | (સેમેસ્ટર - 2) |
| એસ ઈ એસ એચ (સી-13) | અભ્યાસક્રમ, રૂપાંતરણ અને મૂલ્યાંકન | (સેમેસ્ટર - 3) |
| એસ ઈ એસ એચ (સી-14) | હસ્તક્ષેપ અને શિક્ષણ વ્યૂહરચના | (સેમેસ્ટર - 3) |
| એસ ઈ એસ એચ (સી-15) | પ્રોદ્યોગિકી અને દિવ્યાંગતા | (સેમેસ્ટર - 4) |
| એસ ઈ એસ એચ (સી-16) | મનોસામાજિક અને કૌટુંબિક સમસ્યાઓ | (સૈમેસ્ટર - 4) |

#### પેટા જૂથ (ઈ - 3) બૌદ્ધિકક્ષમતા (ID)

| | | |
|---|---|---|
| એસ ઈ એસ એમ (સી-12) | આકારણી અને જરૂરિયાતોની ઓળખ | (સેમેસ્ટર - 2) |
| એસ ઈ એસ એમ (સી-13) | અભ્યાસક્રમ, રૂપાંતરણ અને મૂલ્યાંકન | (સેમેસ્ટર - 3) |
| એસ ઈ એસ એમ (સી-14) | હસ્તક્ષેપ અને શિક્ષણ વ્યૂહરચના | (સેમેસ્ટર - 3) |
| એસ ઈ એસ એમ (સી-15) | પ્રોદ્યોગિકી અને દિવ્યાંગતા | (સેમેસ્ટર - 4) |
| એસ ઈ એસ એમ (સી-16) | મનોસામાજિક અને કૌટુંબિક સમસ્યાઓ | (સેમેસ્ટર - 4) |

### ❒ જૂથ એફ - વ્યવસાયિક ક્ષમતાઓની વૃદ્ધિ (ફરજિયાત)

| | | |
|---|---|---|
| SEEPC-01 A/B/C *(ડી-17)* | *વાંચન અને તેની લેખિત અભિવ્યક્તિ* | *(સેમેસ્ટર - 4)* |
| SEEPC-02 | *શિક્ષણમાં નાટ્ય અને કલા* | *(સેમેસ્ટર - 4)* |
| SEEPC-03 | *સંશોધન અને આંકડાશાસ્ત્ર* | *(સેમેસ્ટર - 5)* |

### ❒ જૂથ જી - દિવ્યાંગતા ક્ષેત્ર સાથે સંકળાયેલ પ્રેક્ટિકલ

| | |
|---|---|
| ક્રોસ ડીસેબીલીટી અને સંમિલિત શિક્ષણ (SECD-02) | (સેમેસ્ટર - 1) |
| વિશિષ્ટ વિકલાંગતા ક્ષેત્ર (SEDS-01) | (સેમેસ્ટર - 3) |

### ❒ જૂથ એચ - સ્કુલ ઇન્ટર્નશીપ

| | |
|---|---|
| F1 - મુખ્ય દિવ્યાંગતા ઈન્ટર્નશીપ | (સેમેસ્ટર - 4) |
| F2 - અન્ય દિવ્યાંગતા ઈન્ટર્નશીપ | (સેમેસ્ટર - 5) |
| F3 - સંમિતિ શાળા ઈન્ટર્નશીપ | (સેમેસ્ટર - 5) |

## સેમેસ્ટર મુજબ અભ્યાસક્રમનું માળખું અને મૂલ્યાંકન યોજના

### સેમેસ્ટર - 1

| ક્રમ | કોર્સ કોડ | કોર્સ નામ | ક્રેડિટ | થિયરી | એસાઈમેન્ટ | પ્રેક્ટીકલ |
|---|---|---|---|---|---|---|
| 1. | SECP-01 | *માનવીય વૃદ્ધિ અને વિકાસ* | 4 | 80 | 20 | |
| 2. | SECP-02 | *સમકાલીન ભારત અને શિક્ષણ* | 4 | 80 | 20 | |
| 3. | SECD-02 | *સંવેદનાત્મક વિકલાંગતાનો પરિચય* | 2 | 40 | 10 | |
| 4. | SECD-03 | *જ્ઞાનતંતુની વિકાસાત્મક વિકંલાગતાનો પરિચય* | 2 | 40 | 10 | |
| 5. | SECD-04 | *લોકોમીટર અને બહુવિકલાંગતાનો પરિચય* | 2 | 40 | 10 | |
| 6. | SECD-02-PRA | *પ્રેક્ટીકલ* | 2 | | | 50 |

## સેમેસ્ટર - 2

| ક્રમ | કોર્સ કોડ | કોર્સ નામ | ક્રેડિટ | થિયરી | એસાઈમેન્ટ | પ્રેક્ટીકલ |
|---|---|---|---|---|---|---|
| 1. | SECP-03 | અધ્યયન, અધ્યાપન અને મૂલ્યાંકન | 4 | 80 | 20 | |
| 2. | SECD-01 | સમીલિત શિક્ષણ | 2 | 40 | 10 | |
| 3. | SESM-01 | આકારણી અને જરૂરિયાતોની ઓળખ | 4 | 80 | 20 | |
| 4. | SESH-01 | આકારણી અને જરૂરિયાતોની ઓળખ | 4 | 80 | 20 | |
| 5. | SESV-01 | આકારણી અને જરૂરિયાતોની ઓળખ | 4 | 80 | 20 | |
| 6. | SECM-01 | વિજ્ઞાન | 4 | 80 | 20 | |
| 7. | SECM-02 | ગણિત | 4 | 80 | 20 | |
| 8. | SECM-03 | સમાજવિદ્યા | 4 | 80 | 20 | |
| 9. | SEDS-01-PRA | પ્રેક્ટીકલ | 2 | | | 50 |

## સેમેસ્ટર - 3

| ક્રમ | કોર્સ કોડ | કોર્સ નામ | ક્રેડિટ | થિયરી | એસાઈમેન્ટ | પ્રેક્ટીકલ |
|---|---|---|---|---|---|---|
| 1. | SECM-04 | હિન્દી | 4 | 80 | 20 | |
| 2. | SECM-05 | અંગ્રેજી | 4 | 80 | 20 | |
| 3. | SECM-06 | ગુજરાતી | 4 | 80 | 20 | |
| 4. | SESM-02 | અભ્યાસક્રમ, રૂપાંતરણ અને મૂલ્યાંકન | 4 | 80 | 20 | |
| 5. | SESH-02 | અભ્યાસક્રમ, રૂપાંતરણ અને મૂલ્યાંકન | 4 | 80 | 20 | |
| 6. | SESV-02 | અભ્યાસક્રમ, રૂપાંતરણ અને મૂલ્યાંકન | 4 | 80 | 20 | |
| 7. | SESM-03 | હસ્તક્ષેપ અને શિક્ષણ વ્યૂહરચના | 4 | 80 | 20 | |
| 8. | SESH-03 | હસ્તક્ષેપ અને શિક્ષણ વ્યૂહરચના | 4 | 80 | 20 | |
| 9. | SESV-03 | હસ્તક્ષેપ અને શિક્ષણ વ્યૂહરચના | 4 | 80 | 20 | |
| 10. | SEDS-02-PRA | પ્રેક્ટીકલ | 4 | | | 100 |

# સેમેસ્ટર - 4

| ક્રમ | કોર્સ કોડ | કોર્સ નામ | ક્રેડિટ | થિયરી | એસાઈમેન્ટ | પ્રેક્ટીકલ |
|---|---|---|---|---|---|---|
| 1. | SESB-05GC | માર્ગદર્શન અને પરામર્શન | 4 | 80 | 20 | |
| 2. | SESM-04 | પ્રોદ્યોગિકી અને દિવ્યાંગતા | 4 | 80 | 20 | |
| 3. | SESH-04 | પ્રોદ્યોગિકી અને દિવ્યાંગતા | 4 | 80 | 20 | |
| 4. | SESV-04 | પ્રોદ્યોગિકી અને દિવ્યાંગતા | 4 | 80 | 20 | |
| 5. | SESM-05 | મનોસામાજિક અને કૌટુંબિક સમસ્યાઓ | 2 | 40 | 10 | |
| 6. | SESH-05 | મનોસામાજિક અને કૌટુંબિક સમસ્યાઓ | 2 | 40 | 10 | |
| 7. | SESV-05 | મનોસામાજિક અને કૌટુંબિક સમસ્યાઓ | 2 | 40 | 10 | |
| 8. | SEEPC-01A | વાંચન અને તેની લેખિત અભિવ્યક્તિ | 2 | 40 | 10 | |
| 9. | SEEPC-01C | Reading and its written Expression | 2 | 40 | 10 | |
| 10. | SEEPC-02 | શિક્ષણમાં નાટ્ય અને કલા | 2 | 40 | 10 | |
| 11. | SEDSSA -A-PRA | પ્રેક્ટીકલ | 2 | | | 50 |

# સેમેસ્ટર - 5

| ક્રમ | કોર્સ કોડ | કોર્સ નામ | ક્રેડિટ | થિયરી | એસાઈમેન્ટ | પ્રેક્ટીકલ |
|---|---|---|---|---|---|---|
| 1. | SEDS-06 | ઓરિએન્ટેશન અને મોબિલિટી | 2 | 40 | 10 | |
| 2. | SEDS-07 | પ્રત્યાયન વિકલ્પો | 2 | 40 | 10 | |
| 3. | SEEPC-03 | સંશોધન અને આંકડાશાસ્ત્ર | 2 | 40 | 10 | |
| 4. | SECD-01-PRA | પ્રેક્ટીકલ | 4 | | | 100 |
| 5. | SEDSSA -B-PRA | પ્રેક્ટીકલ | 4 | | | 100 |
| 6. | SEIS-PRA | પ્રેક્ટીકલ | 4 | | | 100 |

## પ્રેક્ટીકલ આયોજન:

## સેમેસ્ટર -1

| ક્રમ | કાર્ય | વિશિષ્ટતા | કાર્યશાળા | વિગત | ગુણ |
|---|---|---|---|---|---|
| 1 | ઓબ્ઝર્વેશન | મુખ્ય | વિશિષ્ટ શાળા | 10 તાસ | 20 |
| 2 | ઓબ્ઝર્વેશન | સામાન્ય | અન્ય વિકલાંગતા | 10 તાસ | 20 |
| 3 | ઓબ્ઝર્વેશન | સામાન્ય | સંમિલિત શાળા | 5 તાસ | 10 |
| | | | | કુલ | 50 |

### સેમેસ્ટર -2

| ક્રમ | કાર્ય | વિશિષ્ટતા | કાર્યશાળા | વિગત | ગુણ |
|---|---|---|---|---|---|
| 1 | ઓબ્ઝર્વેશન | મુખ્ય | વિશિષ્ટ શાળા | 10 તાસ | 10 |
| 2 | માઈક્રો ટીચિંગ | સામાન્ય | કેન્દ્ર | 10 તાસ | 10 |
| 3 | લેસન પ્લાન | મુખ્ય | વિશિષ્ટ શાળા અને સંમિલિત શાળા | મેથડ આધારિત 10 તાસ | 20 |
| 4 | એડેપ્ટેશન (અનુકૂલન) | મુખ્ય | કેન્દ્ર | મેથડ આધારિત 2 પાઠનું | 10 |
| | | | | કુલ | 50 |

### સેમેસ્ટર -3

| ક્રમ | કાર્ય | વિશિષ્ટતા | કાર્યશાળા | વિગત | ગુણ |
|---|---|---|---|---|---|
| 1 | ઓબ્ઝર્વેશન | મુખ્ય | વિશિષ્ટ શાળા | 10 તાસ | 10 |
| 2 | સ્કૂલ વિઝીટ | સામાન્ય | અન્ય વિકલાંગતા | 2 શાળા | 20 |
| 3 | લેસન પ્લાન | મુખ્ય | વિશિષ્ટ શાળા અને સંમિલિત શાળા | મેથડ આધારિત 10 તાસ | 50 |
| 4 | IEP | મુખ્ય | કેન્દ્ર | 5 તાસ | 20 |
| | | | | કુલ | 100 |

### સેમેસ્ટર -4

| ક્રમ | કાર્ય | વિશિષ્ટતા | કાર્યશાળા | વિગત | ગુણ |
|---|---|---|---|---|---|
| 1 | ઓબ્ઝર્વેશન | મુખ્ય | સંમિલિત શાળા | 10 તાસ | 10 |
| 2 | સ્કૂલ વિઝીટ | સામાન્ય | અન્ય વિકલાંગતા | 2 શાળા | 10 |
| 3 | લેસન પ્લાન | કોઈપણ વિકલાંગતા | અન્ય વિકલાંગતા | મેથડ આધારિત 2 તાસ | 10 |
| 4 | પ્રોજેક્ટ | મુખ્ય | કેન્દ્ર | 1 | 20 |
| | | | | કુલ | 50 |

### સેમેસ્ટર -5

| ક્રમ | કાર્ય | વિશિષ્ટતા | કાર્યશાળા | વિગત | ગુણ |
|---|---|---|---|---|---|
| 1 | લેસન પ્લાન | મુખ્ય | વિશિષ્ટ શાળા | 10 તાસ | 50 |
| 2 | લેસન પ્લાન | સામાન્ય | સંમિલિત શાળા | 10 તાસ | 50 |
| 3 | ઈન્ટર્નશિપ | મુખ્ય | વિશિષ્ટ શાળા | 15 દિવસ | 100 |
| 4 | ઈન્ટર્નશિપ | સામાન્ય | સંમિલિત શાળા | 15 દિવસ | 100 |
| | | | | કુલ | 300 |

# 2.2 સંપર્ક કાર્યક્રમ

જે ઉમેદવારની બી.એડ્. સ્પૅશ્યલ ઍજ્યુકેશન પ્રૉજેક્ટ વર્ક પ્રવેશ માટે પસંદગી કરવામાં આવી હોય તેમણે પોતાના અભ્યાસકેન્દ્રમાં પ્રવેશની નોંધણી અને પ્રવેશાર્થી પ્રવેશદાતા પરસ્પર પરિચય, સ્વાધ્યાયની સામગ્રીઓ અને પ્રત્યક્ષ સંપર્કના કાર્યક્રમો મેળવવા માટે રૂબરૂમાં હાજર થવાનું રહેશે. અભ્યાસકેન્દ્રનાં સંકલનકર્તા (કૉઓર્ડીનેટર) તરફથી પરેપૂરા શૈક્ષણિક કાર્યસત્ર માટે પ્રત્યક્ષ સંપર્ક કાર્યક્રમોની પ્રવૃત્તિઓનું કેલેન્ડર પૂરું પાડવામાં આવશે. કાર્યસોંપણી અને પ્રૉજેક્ટ વર્ક કાર્યની ફાળવણી સહિત બન્ને સૈદ્ધાંતિક અને પ્રાયોગિક વિષય ક્ષેત્રોના દરેક કાર્યસત્રનું તેમજ કસોટીઓનું કાર્યક્રમ સમયપત્રક અભ્યાસકેન્દ્રના સંકલનકર્તા નક્કી કરશે એ ઉમેદવારોને તે ઉપલબ્ધ કરાવશે.

## સંપર્ક કાર્યસત્રનું સમયપત્રક

| | **ઘટકો** | **કામના કલાકો** | **સેમેસ્ટર 1** | **સેમેસ્ટર 2** | **સેમેસ્ટર 3** | **સેમેસ્ટર 4** | **સેમેસ્ટર 5** |
|---|---|---|---|---|---|---|---|
| **1.** | **સામાન્ય પ્રવેશાર્થી પ્રવેશદાતા પરસ્પરસ પરિચય અને ઓપ તાલીમ** | 25 | 5 | 5 | 5 | 5 | 6 |
| 2. | **જૂથ એ થી એફ સૈદ્ધાંતિક વિષય ક્ષેત્રોનો પરિચય**- ચર્ચાસ્પષ્ટીકરણ અને કાર્યસોંપણીની ફાળવણી પ્રાયોગિક હાર્દસમાન તાલીમ<br>1. શિક્ષણકાર્ય પ્રૅક્ટિકલમાં મહત્ત્વની તાલીમ<br>2. કાર્યાનુભવ હુન્નર / કળા શિક્ષણ<br>3. મનોવિજ્ઞાન પ્રાયોગિક કાર્ય<br>4. સહઅભ્યાસ અને બાહ્ય અભ્યાસક્રમ પ્રવૃત્તિઓ<br>5. કમ્પ્યૂટરની પાયાની તાલીમ | 35 | 7 | 7 | 7 | 7 | 7 |
| 3. | **મૂળભૂત પાયો** : અનુકૂલન કુશળતાઓ અને સહાયક સાધનો-ઉપકરણ વિશિષ્ટીકરણ | 30 | - | 15 | 5 | 5 | 5 |

| | ઘટકો | કામના કલાકો | સેમેસ્ટર 1 | સેમેસ્ટર 2 | સેમેસ્ટર 3 | સેમેસ્ટર 4 | સેમેસ્ટર 5 |
|---|---|---|---|---|---|---|---|
| 5. | **બિનવિકલાંગતા ક્ષેત્રમાં શિક્ષણકાર્ય** એસઈટીજી-01 (વિજ્ઞાન,ગણિત સામાજિક વિજ્ઞાન) શિક્ષણ કાર્ય (પ્રૅક્ટિકલ) એસઈટીજી- 02 (હિન્દી, અંગ્રેજી, ગુજરાતી ભાષા) શિક્ષણકાર્ય | 10 | | 5 | 5 | - | - |
| | **વિકલાંગતા ક્ષેત્રમાં શિક્ષણકાર્ય એસઈટીબી-01** સંમિલિત શાળામાં વિશેષ શિક્ષણમાં શિક્ષણકાર્ય (પ્રૅક્ટિકલ) એસઈટીવી/એચ/ એમ-01 વિશિષ્ટ વિકલાંગતા ક્ષેત્રમાં શિક્ષણકાર્ય (પ્રૅક્ટિકલ) | 40 | 6 | 6 | 6 | 6 | 16 |
| | | 140 | 18 | 38 | 28 | 23 | 33 |

## ❒ સ્વાધ્યાયની છાપેલી સામગ્રી

સૈદ્ધાંતિક વિષયક્ષેત્રમાં સમાવેશ થતી સ્વાધ્યાયની છાપેલી સામગ્રી ઘટકોનાં સ્વરૂપમાં અને પ્રાયોગિકમાં સમાવેશ થતી સ્વાધ્યાયની છાપેલી સામગ્રી નિયમ પુસ્તિકાઓના સ્વરૂપમાં પૂરી પાડવામાં આવશે.

## ❒ શ્રાવ્ય અને દૃશ્ય-શ્રાવ્ય કાર્યક્રમો

શ્રાવ્ય અને દૃશ્ય-શ્રાવ્ય કાર્યક્રમો પૂરક છે અને તે સ્પષ્ટીકરણ અને સમજવાના મહત્ત્વના ઉપકરણો તરીકે છે. આનો ઉપયોગ સંપર્ક કાર્યસત્રો દરમિયાન જ્યારે જ્યારે આવશ્યક હશે ત્યારે કરવામાં આવશે.

## ❒ ઍસાઈન્મૅન્ટ અને પ્રૉજેક્ટ વર્ક અહેવાલ

આ પહેલાં દર્શાવવામાં આવેલું છે કે દરેક સૈદ્ધાંતિક વિષયક્ષેત્ર માટે ઍસાઈન્મૅન્ટ હશે. આ ઍસાઈન્મૅન્ટ અને પ્રૉજેક્ટ વર્ક અહેવાલ સંપૂર્ણ કર્યા પછી નિયત કરેલ સમયમર્યાદામાં અભ્યાસ કેન્દ્રને સુપરત કરવાના રહેશે. સમયમર્યાદા પછી સોંપવામાં આવેલ ઍસાઈન્મૅન્ટ અને પ્રૉજેક્ટ વર્કને ક્રેડિટ નહીં મળે.

સંપર્કસત્રો દરમિયાન સૈદ્ધાંતિક એ પ્રાયોગિક કસોટીઓ લેવામાં આવશે.

## ❒ સેમેસ્ટરની સત્રાંત પરીક્ષામાં બેસવા માટેની પાત્રતા

બી.એડ્. સ્પૅશ્યલ ઍજ્યુકેશનમાં નોંધાયેલ દરેક વિદ્યાર્થી દર છ (6) મહિને પરીક્ષામાં નીચેની શરતોને આધીન બેસવાને પાત્ર રહેશે.

1. વિદ્યાર્થીએ અભ્યાસકેન્દ્રમાં યોજેલા નિયત કરેલ સંપર્ક વર્ગોના ઓછામાં ઓછા 80 % હાજરી આપેલ હોય.
2. કાર્યક્રમ માટેની તમામ આવશ્યકતાઓ પરિપૂર્ણ કરેલ હોય.
    - બિન - વિકલાંગતા ક્ષેત્ર અને વિકલાંગતા ક્ષેત્ર એ બંનેમાં પ્રાયોગિક તાલીમ લીધી હોય.
    - નિયત કરેલ સંખ્યામાં ઍસાઈન્મૅન્ટ પૂરાં કરેલ હોય અને કેન્દ્ર પર જમા કરાવેલ હોય, જેમાં પાસ થવું ફરજિયાત છે.
    - સંપર્ક કાર્યક્ષેત્રો દરમિયાન લેવામાં આવેલી સૈદ્ધાંતિક અને પ્રાયોગિક કસોટીઓમાં સક્રિયતા.
    - પ્રૉજેક્ટ વર્ક સંપન્ન કરેલ હોય અને અહેવાલ સુપરત કરવામાં આવેલ હોય.
    - બે સ્વૈચ્છિક શાળા વિષયોમાં અને પસંદ કરેલા વિકલાંગતા ક્ષેત્રમાં નિયત કરેલી સંખ્યાના ટીચિંગ પ્રૅક્ટિસ - પાઠ પૂરા કરેલ હોય.
3. વિદ્યાર્થીએ અભ્યાસકેન્દ્ર પર ગેરશિસ્તનું કૃત્ય કર્યું ન હોવું જોઈએ.
4. ઉપરની નિયત થયેલી શરતો પૂર્ણ કરેલ હોય તે વિદ્યાર્થીઓને જ પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવાનું શક્ય બનશે.
5. વિદ્યાર્થીઓએ પોતાના ઓળખપત્ર અભ્યાસકેન્દ્ર પરથી મેળવી લેવાના રહેશે.

## ❑ પરીક્ષા તારીખ

**કાર્યક્રમ આવશ્યકતાઓ પૂર્ણ થયા પછી વિશ્વવિદ્યાલય દર વર્ષના અંતે પરીક્ષાઓની તારીખ જાહેર કરશે.**

### સફળ ઉમેદવારોનું વર્ગીકરણ

| Letter Grade | Qualitative Level | Grade Point Average | Percentage Equivalent | Classification of Final Result |
|---|---|---|---|---|
| O | Outstanding | 8.5-10.00 | Above 85 (85-100) | First Class with |
| A+ | Excellent | 7.0-8.49 | 70.00-84.99 | Distinction |
| A | Very Good | 6.0-6.99 | 60.00- 69.99 | First Class |
| B+ | Good | 5.5-5.99 | 55.00-59.99 | Higher Secnond Class |
| B | Fair/ | 5.0-5.49 | 50.00- 54.99 | Second Clss |
| C | Satisfactory | 4.0-4.99 | 40.00- 49.99 | Pass Class |
| D | Dropped/Fail | Below 4.0 | Below 40 | Droped? |

## ❑ અસફળ ઉમેદવારો માટે જોગવાઈ

જે ઉમેદવારોને નાપાસ જાહેર કરવામાં આવ્યા હોય તેઓએ તેના જે વિષયક્ષેત્રોના ઘટકો (કંપોનન્ટસ)માં નાપાસ થયા હોય તે બધામાં બેસવાની પરવાનગી આપવામાં આવશે. પરંતુ સમગ્ર કોર્ષનો સમયગાળો વીતી ગયા પછી વિદ્યાર્થીઓએ નવેસરથી પ્રવેશ મેળવવાનો રહેશે અને કોઈ પણ ક્રેડિટ આગળ ખેંચવામાં આવશે નહિ.

## ❐ રિ-ચેકિંગ / રિ-અસેસમેન્ટ

**ઉમેદવાર પરિણામની જાહેરાત પછી ત્રીસ દિવસની અંદર જ પરીક્ષા વિભાગના નિયમ મુજબ રિ -અસેસમેન્ટની અરજી કરી શકે છે.**

## ❐ વધારાના વિશિષ્ટીકરણ માટે લાયકાત પ્રાપ્ત કરવી.

આ કાર્યક્રમમાં એક નિશ્ચિત વિશિષ્ટીકૃત ક્ષેત્રમાં સફળ થયેલા ઉમેદવારને વધારાના વિશિષ્ટીકરણો માટે પરવાનગી આપવામાં આવશે અને કોઈ એક વધારાનું વિશિષ્ટીકરણ મેળવવા માટે ઉમેદવારે લઘુત્તમ બધાં મળીને એકંદર કુલના 50 % સાથે જરૂરી વિશિષ્ટીકૃત કાર્યક્રમ પાસ કરવા માટેની તમામ આવશ્યકતાઓ પરિપૂર્ણ કરવાની રહેશે.

## ❐ નોંધાયેલ વ્યવસાયિક શિક્ષક તરીકે આર.સી.આઈ. પ્રમાણપત્રીકરણ :

આ બી.એડ્. સ્પૅશ્યલ ઍજ્યુકેશન કાર્યક્રમ જે બીએઓયુ અને આર.સી.આઈ. દ્વારા સંયુક્ત રીતે ઘડવામાં આવ્યો છે તે તેના સફળ ઉમેદવારો માટે વિશિષ્ટ શિક્ષણનાં ક્ષેત્રમાં કાર્ય કરવાને રિહેબિલિટેશન કાઉન્સિલ ઑફ ઈન્ડિયા પાસેથી નોંધાયેલ વ્યવસાયિક પ્રમાણપત્ર (રજિસ્ટર્ડ પ્રોફેશનલ સર્ટિફિકેટ) મેળવવાનું શક્ય બનાવશે. આ માટે વિદ્યાર્થીઓએ આર.સી.આઈને સીધી અરજી કરવાની રહેશે.

### અધિ સૂચના

બી.એડ્. સ્પૅશ્યલ ઍજ્યુકેશન કાર્યક્રમ સંબંધિત કોઈ પણ માહિતી જેવી કે પ્રવેશ માટે જાહેરાત, પ્રવેશ માટે પસંદગી, સંપર્ક કાર્યક્રમ, પરીક્ષાની તારીખ, પરીક્ષાના પરિણામ માટે બીએઓયુની વેબસાઈટ - (www.baou.edu.in)ની મુલાકાત લેવી. *સાથોસાથ ટેલિગ્રામ ચેનલ* t.me/SpBED_Edu *માં જોડાવું.*

### નીચેની બાબતો માટે અભ્યાસકેન્દ્રનો સંપર્ક કરો :

- બી.એડ્. સ્પૅશ્યલ ઍજ્યુકેશન કાર્યક્રમમાં પ્રવેશ મેળવવા અને પસંદગી પામેલાં વિદ્યાર્થીનું ઓળખપત્ર મેળવવા માટે.
- સંપર્ક કાર્યસત્રોના સમયપત્રક (શિડ્યુલ્સ)
- નિયત સમયમર્યાદામાં એસાઈનમેન્ટ મેળવવા તથા જમા કરાવવા.
- પરીક્ષા સંબંધિત પૂછપરછ
- સમયે સમયે વિશ્વવિદ્યાલય દ્વારા બહાર પાડવામાં આવેલી તમામ અધિસૂચનાઓ.
- કોઈ પણ શૈક્ષણિક / વહીવટી સમસ્યાના સમાધાન માટે
- નિયત સમયમર્યાદામાં સ્વાધ્યાયકાર્ય મેળવવા તથા જમા કરાવવા.

# 2.3 બી.એડ્. સ્પૅશ્યલ ઍજ્યુકેશન અભ્યાસક્રમ માટેની સામાન્ય સૂચના

❒ **અનામત :**

વિશ્વવિદ્યાલય આ કાર્યક્રમ માટે અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો લશ્કરી/ લશ્કરી સહાયક દળોના પાલ્ય અને વિકલાંગતા ધરાવતા ઉમેદવારો માટે રાજ્ય સરકારના નિયમો અનુસાર બેઠકો અનામત રાખવામાં આવશે.

❒ **અનામત અને ઓપન બેઠકો :**

1. અનુસૂચિત જાતિ (SC) - 07 ટકા
2. અનુસૂચિત જનજાતિ (ST) - 15 ટકા
3. સામાજિક-આર્થિક પછાત વર્ગ (SEBC) - 27 ટકા
4. બિન અનામત (OPEN) - 51 ટકા
5. આર્થિક રીતે નબળા વર્ગ (EWS) (બિન અનામત) - 10 ટકા (વધારાની સીટ)*

❒ **વિકલાંગ / અંધ ઉમેદવાર માટે**

(અ) વિકલાંગ ઉમેદવારો માટે કુલ બેઠકોની 3 ટકા બેઠકો ફાળવવામાં આવશે તે પૈકી 1 ટકા અંધ ઉમેદવારો માટે ફાળવવામાં આવી છે. પરંતુ આ 3 ટકા ઓપન બેઠકો, એસ.સી., એસ.ટી., સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગમાં સમાવી લેવામાં આવી છે. બિનઅનામતમાં આર્થિક રીતે નબળા વર્ગ (EWS) એટલે બિન અનામતની કુલ ટકાવારી 51% + 10% (EWS) કુલ 61% રહેશે.

(બ) વિકલાંગ કક્ષાનો લાભ લેવા ઇચ્છનાર ઉમેદવારોને સિવિલ સર્જનનું ફોટા સાથેનું પ્રમાણપત્ર અરજીપત્રક સાથે અચૂક જોડવાનું રહેશે.

❒ **પ્રવેશ યાદીઓની કાયદેસરતા :**

જે ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવ્યો હોય તેઓએ વિશ્વવિદ્યાલયે સ્પષ્ટ કરેલી નિયત તારીખ જે લાગતા વળગતા અભ્યાસકેન્દ્રને જણાવી હશે તે દિવસે અથવા તેપહેલા જોડાઈ જવું, માહિતી સમયસર મેળવવા માટે અરજી કરનારાઓએ સંબંધકર્તા અભ્યાસકેન્દ્રના સંપર્કમાં રહેવું જોઈએ.

જો ઉમેદવારોની પહેલી પસંદગીના અભ્યાસકેન્દ્રમાં કાર્યક્રમ માટેની નિયત કરેલી લઘુત્તમ સંખ્યાના ઉમેદવારો ઉપલબ્ધ ન હોય તો તેઓએ વિશ્વવિદ્યાલય દ્વારા સોંપવામાં આવેલા એક અન્ય અભ્યાસકેન્દ્રમાં પ્રવેશ લેવાનો જરૂરી રહેશે. ઉમેદવાર વિશિષ્ટીકરણનું જુદું ક્ષેત્ર જે તે તે જ શહેરના એક અભ્યાસકેન્દ્રમાં પ્રવેશ લેવાનો જરૂરી રહેશે. ઉમેદવાર વિશિષ્ટીકરણનું જુદું ક્ષેત્ર જે તે જ શહેરના અન્ય અભ્યાસકેન્દ્રમાં પ્રાપ્ય હોઈ શકે છે તેમાં એવી શરતને આધીન વિકલ્પ તરીકે પસંદ કરી શકે છે કે સંબંધકર્તા વિશિષ્ટીકરણમાં તે કેન્દ્રમાં બેઠકો પ્રાપ્ય હોય.

જો તમે હવે પછીના તરતના કાર્યક્રમમાં પ્રવેશ લેવા માંગતા હોવ તો તેઓએ હવે પછીના તરતના જ વર્ષમાં નવેસરથી અરજી કરવાની રહેશે અને પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે.

❒ **અપૂર્ણ અને મોડી અરજીઓ :**

અપૂર્ણ અને મોડાં અરજીપત્રકો / પુનઃ નોંધણી પત્રકો હોય, વિષય ક્ષેત્રો ખોટાં હોય વિકલ્પ અથવા સ્વૈચ્છિક પસંદ

* શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક : પરચ/૧૦૧૯/૯૦૫/ખ તા. ૦૬-૦૭-૨૦૧૯

કરવાના વિષય હોય, ખોટી માહિતી પૂરી પાડી હોય તો સંબંધકર્તા ઉમદવારને કોઈ પણ જાણ કર્યા વગર તેઓનો ત્વરિત અસ્વીકાર કરવામાં આવશે. તેથી ઉમેદવારોને સંદર્ભ સંબંધિત ખાનાઓ કાળજીપૂર્વક ભરવાની અને માગવામાં આવેલા આવશ્યક પ્રમાણપત્રોની તમામ પ્રમાણિત નકલોના બિડાણ સાથે નિયત તારીખે અથવા તે પહેલાં યુનિવર્સિટીના કાર્યાલયે રૂબરૂ અથવા ટપાલ દ્વારા મોકલવાની સલાહ આપવામાં આવે છે. આ સંદર્ભમાંકોઈ પણ પત્રવ્યવહાર ઉપર ધ્યાન આપવામાં આવશે નહિ.

## ❒ ફી પરત આપવી (રિફંડ) :

કોઈ પણ ફી એકવાર ભરવામાં આવ્યા પછી કોઈ પણ સંજોગોમાં પરત (રિફંડ) આપવામાં આવશે નહિ.

## ❒ કાનુની અધિકાર ક્ષેત્ર :

કોઈ પણ તકરારની તમામ બાબતો માટે યુનિવર્સિટીના કુલપતિશ્રીનો નિર્ણય આખરી ગણાશે. આમ છતાં કોઈ પણ દાવો જો જરૂરી હોય તો તે મૂકવા માટેનું અધિકાર ક્ષેત્ર અમદાવાદ રહેશે.

## ❒ અરજીપત્રક ભરવા માટે સૂચનાઓ

- અરજીપત્રક સુવાચ્ય અક્ષરોથી ભરવું
- જો તમે એકરાર નીચે સહી કરી ન હોય તો તમારી અરજીની પ્રક્રિયા કરવામાં આવશે નહિ.
- સમર્થન કરતા દસ્તાવેજો સાથે સંપૂર્ણ ભરેલું અરજીપત્રક બીએઓયુને મોકલશો.

## ❒ સામાન્ય નિયમો :

### મેરિટ નક્કી કરવાની પદ્ધતિ :

આ અભ્યાસક્રમમાં પ્રવેશ લેવા માટે પ્રવેશ પરીક્ષામાં બેસવું ફરજિયાત છે અને પ્રવેશ પરીક્ષાના કુલ 100 ગુણમાંથી મેળવેલ ગુણ તથા ભારતીય પુનર્વસન પરિષદના નિયમાનુસાર ગુણભાર ગણીને ગુણવત્તાક્રમ મુજબ પ્રવેશ આપવામાં આવશે.

**નોંધ** : મેરિટ ગુણ સરખા થતા હોય ત્યાં તેવા કિસ્સામાં અગ્રતા ક્રમ નક્કી કરવા માટે ઉમેદવારની જન્મતારીખ ધ્યાનમાં લેવામાં આવશે.

## ❒ અભ્યાસ કેન્દ્રની પસંદગી :

(1) યુનિવર્સિટીના દ્વારા નિયત થયેલા અભ્યાસકેન્દ્રોમાં નિયત થયેલ બેઠકો પર પ્રવેશાર્થીઓને મેરિટ અનુસાર જ પ્રવેશ આપવામાં આવશે.

(2) અભ્યાસકેન્દ્રમાં અનામત બેઠકોનું પ્રમાણ જાળવવામાં આવશે.

(3) જે- તે અભ્યાસકેન્દ્રોમાં ફાળવેલ તમામ બેઠકો મેરિટ અનુસાર ભરાઈ ગયા પછી વિદ્યાર્થીઓના મેરિટના ધોરણે અન્ય અભ્યાસકેન્દ્રોમાં ખાલી રહેલી જગ્યામાં પ્રવેશ મેળવી શકાશે.

## ❐ પ્રવેશ પરીક્ષાની માહિતી

- આ યુનિવર્સિટીના બી.એડ્. (સ્પૅશ્યલ ઍજ્યુકેશન) અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની પ્રવેશ પરીક્ષા લેવામાં આવશે જેમાં આપને 100 વસ્તુલક્ષી (Objective) બહુવિકલ્પ પ્રશ્ને ધરાવતી એક પુસ્તિકા અને ઉત્તર પત્ર (OMR Sheet) પરીક્ષા ખંડમાં આપવામાં આવશે.
- પ્રશ્ન પુસ્તિકામાં હેતુલક્ષી (Objective type) પ્રકારના પ્રશ્ન હોવાથી તે પ્રશ્નના ઉત્તર શબ્દો કે વાક્યોમાં લખવાના હોતા નથી પ્રત્યેક પ્રશ્નના ઉત્તર માટે ચાર વિકલ્પો આપવામાં આવશે. જેમાંનો માત્ર એક જ સાચો ઉત્તર શોધીને આપવાનો છે.

## ❐ ઉત્તર પત્રમાં માહિતી ભરવા માટેની સૂચનાઓ :

(1) આપનો પ્રવેશ ફોર્મનો ક્રમાંક લખો. આપની પરીક્ષા- પ્રવેશપત્રની સાથે આ નંબર મળતો આવતો હોવો જોઈએ. આપે આપનું સાચું નામ, પીન કોડ સાથેનું સરનામું, અને ઉત્તવહી કોડ (OMR Code) આપેલી ખાલી જગ્યામાં નોંધવાનું રહેશે. આપે શાહીથી ઉત્તરપત્ર પર આપના હસ્તાક્ષર અને તારીખ નોંધવાની રહેશે. ઉત્તરપત્ર આપેલી ખાલી જગ્યામાં નિરીક્ષકે હસ્તાક્ષર અને તારીખ નોંધેલા છે કે નહિ તેની ચોકસાઈ કરી લેશો. આપ માત્ર વાદળી અથવા કાળી બોલપેનનો જ ઉપયોગ ઉત્તરપત્રના ઉત્તરમાં નિશાની કરવા માટે કરી શકશો.

(2) ઉત્તરપત્ર પર કોઈ આડીઅવળી નિશાની કરવી નહીં. પ્રશ્નપત્રના ઉત્તરોની નોંધ ઉત્તરપત્રમાં કરવા માટે ફક્ત વાદળી અથવા કાળી બોલપેનનો જ ઉપયોગ કરવાનો રહેશે.

(3) સંખ્યાદર્શક અંકમાં આપે આપનો પ્રવેશ ફોર્મ નંબર અને પરીક્ષા કેન્દ્રનો કોડ નંબર દર્શાવવાનો રહેશે. ધારો કે આપનો પ્રવેશપત્ર નંબર 8159 ઉત્તર વહી કોડ (OMR Code B) હોય અને પરીક્ષા કેન્દ્ર નંબર 05 હોય તો આ પ્રકારની માહિતી આપને આપવામાં આવેલ ઉત્તરવહીમાં દર્શાવવાની રહેશે.

(4) દરેક પ્રશ્નની સાથે ચાર વિકલ્પો આપેલા છે જેમના ક્રમ A, B, C અને D છે. દરેક પ્રશ્નમાંથી આપ જેને સાચો વિકલ્પ માનતા હોય તેવા વિકલ્પસૂચક ક્રમ અક્ષર ધરાવતા (O)ને વાદળી અથવા કાળી બોલપેન વડે સંપૂર્ણ કાળો બનાવી દો.

(5) એક પ્રશ્નના બે ઉત્તરો આપ્યા હશે તો કોઈ ગુણ મળશે નહિ. તેથી એક જ યોગ્ય ઉત્તર પસંદ કરવાનો રહેશે.

(6) તમારે કોઈ એક પ્રશ્ન પાછળ વધુ સમય બગાડવો જોઈએ નહિ. જો તમને કોઈ પ્રશ્નઅઘરો લાગે તો તેને છોડીને બીજા પ્રશ્ન તરફ ચાલ્યા જાઓ.

## ❐ સરનામામાં ફેરફાર/ સુધારો :

*પ્રવેશાર્થીના નામ, સરનામા, જાતિ વગેરેમાં કોઈપણ પ્રકારની ભૂલ/ક્ષતિ કે અન્ય ફેરફાર હોય તો તે અંગે પ્રવેશ મેળવ્યા બાદ 60 દિવસમાં યુનિવર્સિટીના કાર્યાલય ખાતે અરજી કરવાની રહેશે. જે માટેની નિયત ફી રૂા.100/- ભરવાની રહેશે. (નામમાં સુધારા માટે જરૂરી આધાર પુરાવાની પ્રમાણિત નકલ તથા નિયત ફીનો ડી.ડી. બિડેલો હોવો જરૂરી છે.) યુનિવર્સિટીના રેકર્ડ ઉપર જરૂરી ફેરફાર ન થાય ત્યાં સુધી જૂના સરનામે આવેલ ટપાલ/સાહિત્ય મેળવવાની વ્યવસ્થા ગોઠવવાની રહેશે.*

## ❐ વિષયમાં ફેરફાર :

*વિષયમાં ફેરફાર પ્રવેશ મેળવ્યાના 60 દિવસની અંદર જ થઈ શકશે. જે માટે વિષયદીઠ નિયત ફી રૂા. 200/- તથા આ બાબતની અરજી યુનિવર્સિટી ખાતે મોકલવાની રહેશે. નિયત સમયમર્યાદા પૂર્ણ થયા બાદ વિષયમાં ફેરફાર થઈ શકશે નહિ.*

## ❐ વિદ્યાર્થી દ્વારા પત્ર વ્યવહાર :

વિદ્યાર્થીએ પોતાના અભ્યાસને લગતી કોઈ પણ બાબત અંગેનો તમામ પત્રવ્યવહાર પોતાના પૂરેપૂરા સરનામા, નોંધણી નંબર, અભ્યાસકેન્દ્રના નામ સરનામા સાથે (બી.એડ્. સ્પૅશ્યલ ઍજ્યુકેશન વિભાગ)ને ઉદ્દેશીને કરવાનો રહેશે.

# 2.4 B.Ed. Spl.Ed.(ODL) Online ફોર્મ ભરવા માટેની સામાન્ય સૂચનાઓ

**બી.એડ્. સ્પેશ્યલ એજ્યુકેશન પ્રવેશ માટે યોગ્યતા :**

**UGC માન્ય યુનિવર્સિટીમાંથી સાયન્સ, કોમર્સ અને આર્ટ્સ વિદ્યાશાખામાં લઘુત્તમ ૫૦% ગુણ (SC/ST અને દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે ૪૫%) અને એન્જીનિયરીંગ/તકનીકી વિદ્યાશાખામાં મુખ્ય વિષય ગણિત, વિજ્ઞાન વિષયમાં ૫૫% ગુણ (SC/ST અને દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે ૫૦%) સાથે સ્નાતક/અનુસ્નાતક (SC/ST અને દિવ્યાંગ વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવા ૫% ગુણની છૂટછાટ).**

**Note : Spl.B.Ed. પ્રવેશ માટે ઇચ્છુક ઉમેદવારે પોતાની પ્રવેશ લાયકાત ચકાસ્યા બાદ જ GCAS પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવવું.**

- ઉમેદવારે સૌ પ્રથમ ગુજરાત સરકારના કોમન એડમીશન સર્વિસના (GCAS) પોર્ટલ https://gcas.gujgov.edu.in/ પર રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. જેના માટે ઉમેદવારે PG વિકલ્પ પસંદ કરવાનો રહેશે. GCAS રજીસ્ટ્રેશન પ્રોસેસ પૂર્ણ થયા બાદ રજીસ્ટ્રેશન ફોર્મની PDF જનરેટ થશે.
- GCAS પોર્ટલ પર રજીસ્ટ્રેશન કર્યા બાદ BAOU પોર્ટલ www.baou.edu.in પર ફોર્મ ભરવાનું રહેશે. પ્રવેશ ફોર્મનું વેરીફીકેશન સેન્ટર પર નહિ પરંતુ ફોર્મ સાથે ડોક્યુમેન્ટ નિયત સમય મર્યાદામાં જમા કરાવ્યા બાદ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે.
- GCAS પોર્ટલ પરથી મળેલ યુઝરનેઈમ-પાસવર્ડની મદદથી ઉમેદવારે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in પર સ્પે.બી.એડ્. માટેની લીંક પર લોગ ઈન કરીને નામ, જાતિ અને વિષય સ્નાતક/અનુસ્નાતક કક્ષા વગેરે વિગતો ભરવી.
- પ્રવેશ પરીક્ષા કેન્દ્ર વિદ્યાર્થીઓની સંખ્યા પર આધારિત રહેશે.
- ફોર્મ ભરતા પહેલાં શૈક્ષણિક લાયકાત માટેનાં તથા અન્ય જરૂરી તમામ Documents સ્કેન કરી યોગ્ય Sizeમાં સોફ્ટ કોપીમાં સાથે રાખવા. પરીણિત બહેનોએ લગ્ન પછીના નામ અંગેની ગેઝેટની કોપી હોય, તો જ બદલાયેલ નામથી ફોર્મ ભરવું. જો તે ન હોય તો શૈક્ષણિક લાયકાત દર્શાવતી માર્કશીટમાં દર્શાવેલ નામથી જ ફોર્મ ભરવું.
- BAOU પોર્ટલ પર ફોર્મ ભરતી વખતે કોઈપણ પ્રકારની સમસ્યા જણાય કે ક્ષતિ થાય તો admission.info@baou.edu.in ઈ-મેલ ID પર Screen-Shot, Mobile No. User name અને Password સાથેનો ઈ-મેલ કરવો.
- ફોર્મ save કર્યા બાદ Upload Documents મેનુમાં જઈ નીચે મુજબના Documents Upload કરવા. Documents ની Size વધુ હોય તો તેને Resize કર્યા બાદ Documents Upload કરવા.

**Note : એકવાર પ્રવેશ ફોર્મ સબમીટ કર્યા બાદ આ વિગતો બદલી શકાશે નહિ, તેથી ધ્યાનપૂર્વક વિગતો ભરીને ફાઈનલ સબમિટ કરશો.**

**બિડાણ કરવાના પ્રમાણપત્રો**

૧. પાસપોર્ટ સાઈઝનો ફોટો

૨. ઉમેદવારની સહી

૩. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (L.C.)

૪. સ્નાતક ડિગ્રીની માર્કશીટ તથા પદવી પ્રમાણપત્ર (B.A./ B.COM./B.SC./B.E.)

૫. અનુસ્નાતક ડિગ્રીની માર્કશીટ તથા પદવી પ્રમાણપત્ર (M.A./M.COM./M.SC./M.E.)

૬. RCI માન્ય ડિપ્લોમા કોર્સની માર્કશીટ (જો લાગુ પડતું હોય તો)

૭. દિવ્યાંગ હોવા અંગેનું પ્રમાણપત્ર(PH) (જો લાગુ પડતું હોય તો)

૮. દિવ્યાંગ વ્યક્તિના માતા-પિતા (જો લાગુ પડતું હોય તો બાળકનું પ્રમાણપત્ર જોડવું)

૯. જાતિનું પ્રમાણપત્ર (SC/ST ઉમેદવારો માટે)

૧૦. SEBC જાતિનું પ્રમાણપત્ર નોન ક્રિમીલેયર સર્ટિફિકેટ સાથે આપવાનું રહેશે. નોન ક્રિમીલેયર સર્ટિફિકેટ તા.૩૧/૦૩/૨૦૨૫ પછીની તારીખનું હોવું જોઈએ. જો નોન ક્રિમીલેયર સર્ટિફિકેટ તા.૩૧/૦૩/૨૦૨૫ પહેલાનું હોય પણ તેની માન્યતા ૦૩ વર્ષની હોય, તો આવા ઉમેદવારે તેમની આવકની પુષ્ટિ માટે ફોર્મ-૧૬ અથવા પગાર સ્લીપ જોડવી જરૂરી છે.)

૧૧. EWS સર્ટિફિકેટ (લાગુ પડતું હોય તો)

૧૨. આધારકાર્ડની નકલ

૧૩. રાજ્ય બહારની યુનિવર્સિટીમાંથી સ્નાતક/અનુસ્નાતકની પદવી મેળવનાર પ્રવેશાર્થીઓએ પ્રવેશ મેળવતા પહેલા (કાઉન્સેલિંગના સમયે) જે યુનિવર્સિટીમાંથી પદવી મેળવેલ હોય તે યુનિવર્સિટીનું ખરાઈનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જે ઉમેદવારો ખરાઈનું પ્રમાણપત્ર રજૂ નહી કરી શકે તો તેઓને પ્રવેશનો હક રહેશે નહિ.

- ડોક્યુમેન્ટ અપલોડ કર્યા બાદ **'Final Admission Submission'** પર ક્લિક કરવાનું રહેશે. જે કરવાથી પ્રવેશાર્થીનું **e-Admission Form PDF**માં જનરેટ થશે. જે પ્રિન્ટ કરવાનું રહેશે.
- પ્રિન્ટ કરેલ પ્રવેશ ફોર્મની સાથે ઉપર જણાવેલ તમામ ડોકયુમેન્ટસની **(Self-attested)** સ્વયં પ્રમાણિત કરેલ કોપીનું બીડાણ કરી તા.૦૫/૦૮/૨૦૨૫ સુધીમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ સ્વખર્ચે રૂબરૂ યુનિવર્સિટીના રિસેપ્શન કાઉન્ટર પર ઈનવર્ડ કરાવવાનું રહેશે અથવા નીચે આપેલ સરનામે, રજીસ્ટર્ડ પોસ્ટથી નિયત સમય મર્યાદામાં પહોંચે તે રીતે ફરજિયાત મોકલવાનું રહેશે.

**Note:** જે ઉમેદવારના પોતાના સર્ટીફિકેટ અન્ય કચેરીએ જમા લીધેલ હોય તો તેવા ઉમેદવારે તે અંગેની પહોંચની પ્રમાણિત નકલ જોડવી.

- પ્રવેશ, પરીક્ષા અને અન્ય સૂચનાઓ માટે નિયમિત રીતે યુનિવર્સિટી વેબસાઈટ **www.baou.edu.in** જોવા વિનંતી.

સરનામું :

**Admission Department**
**Dr. Babasaheb Ambedkar Open University**
**'Jyotirmay' Parisar,**
**Sarkhej-Gandhinagar Highway,**

**બીએઓયુ અને આરસીઆઈ વચ્ચે શૈક્ષણિક સમજૂતી**

BAOU તથા RCI દ્વારા વિકલાંગતા ધરાવતા ઉમેદવારો માટે ઉચ્ચશિક્ષણ ક્ષેત્રમાં પ્રવેશ માટેની સંભાવનાઓ સાકાર કરવાના પ્રયત્નો થશે. વિકલાંગ વિદ્યાર્થીઓને ઉચ્ચશિક્ષણથી અભિમુખ કરવાના પ્રયાસો, પ્રોત્સાહન અને તેમનું સશક્તિકરણ દ્વારા બી.એડ્. સ્પે. એજ્યુકેશન વિષયક વિદ્યાશાખામાં આવશે. અભ્યાસક્રમોની ગુણવત્તા તથા અધિકૃતતા વિશે સહયોગપૂર્વક કામગીરી કરશે અને સફળ નીવડેલા તાલીમાર્થીઓને પ્રમાણિત કરવાની કામગીરી કરશે. આરસીઆઈ બીએઓયુને દૂરવર્તી શિક્ષણ મારફતે વિશિષ્ટ શિક્ષણ અને પુનર્વસન કાર્યક્રમો માટેના રાષ્ટ્રીય સંસાધન કેન્દ્ર (નેશનલ રિસોર્સ સેન્ટર) તરીકે માન્યતા આપે છે. આરસીઆઈ બીએઓયુ અને અભ્યાસકેન્દ્રોને તકનીકી તજજ્ઞતા પૂરી પાડશે.

# શિક્ષણ વિદ્યાશાખા (School of Education)

(૧) પીએચ.ડી. એજ્યુકેશન **(Ph.D. Education)**

(૨) પીએચ.ડી. સ્પે. એજ્યુકેશન **(Ph.D. Special Education)**

(૩) બી.એડ્. એજ્યુકેશન **(B.Ed. Education)**

# 2.5 સ્પેશ્યલ એજ્યુકેશન બી. એડ્. અભ્યાસકેન્દ્ર

| Sr. No. | Center Code | Address / Co-ordinator Name |
| --- | --- | --- |
| 1 | Bhavnagar 771201 | Nataraj Research Centre & Training College, (PNR Society for Relief & Rehabilitation of the Disabled), Kalia bid, Nr. Dukhishyam bapa ashram, Bhavnagar<br>**Co-ordinator :** Smt Varshaben Chavda<br>**Phone No. :** 9427844550<br>**E-Mail :** baou.771201@baou.edu.in |

# BACHELOR OF EDUCATION (B.Ed.- ODL)

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં પ્રવેશ માત્ર પ્રવેશ પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે તૈયાર થયેલ મેરિટના ધોરણે જ આપવામાં આવશે. જે વિદ્યાર્થીઓ યુનિવર્સિટીએ નિયત કરેલાં લાયકાતના ધોરણોમાં સમાવિષ્ટ થતા હશે તેમને જ પ્રવેશ આપવામાં આવશે. તેથી કોઈપણ પ્રવેશાર્થીએ કોઈપણ ખાનગી વ્યકિત અથવા સંસ્થાએ આપેલાં વચનોથી ગેરમાર્ગે દોરવાઈ જવું નહીં.

**(1) માધ્યમઃ**

બી.એડ્.ના અભ્યાસક્રમનું માધ્યમ માત્ર ગુજરાતી જ રહેશે.

**(2) પ્રવેશ માટેની લાયકાત :**

1 ) **NCTE (National Council for Teacher Education) દ્વારા માન્ય શૈક્ષણિક સંસ્થામાંથી Face to Face Modeથી PTC, D.Ed., D.El.Ed., C.P.Ed., B.P.Ed. (સંસ્થાના NCTE કોડ નંબર સાથેનું પ્રમાણપત્ર પ્રવેશફોર્મ સાથે જોડવું) જેવો અભ્યાસક્રમ પૂર્ણ કરેલ હોય તેવા શિક્ષક તરીકે હાલ સરકાર માન્ય પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળામાં લઘુત્તમ બે વર્ષનો પૂર્ણ સમયની સવેતન સેવાઓ આપતા હોવા જોઈએ તેમજ UGC માન્ય યુનિવર્સિટીમાંથી સાયન્સ, કોમર્સ અને આર્ટ્સ વિદ્યાશાખામાં લઘુત્તમ 50% ગુણ અને ઈજનેરી/તકનિકી વિદ્યાશાખામાં મુખ્ય વિષય ગણિત અને વિજ્ઞાન વિષયમાં 55% ગુણ સાથે સ્નાતક/અનુસ્નાતક થયેલ હોય તેવા નોકરીમાં કાર્યરત (In-Service Teachers) શિક્ષકો જ આ અભ્યાસક્રમમાં અરજી કરી શકશે. (SC/ST અને દિવ્યાંગ વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવા 5% ગુણની છૂટછાટ) તેમજ પ્રવેશ પરીક્ષામાં ઓછામાં ઓછા 40% (150માંથી 60) ગુણ મેળવનાર ઉમેદવાર મેરીટ ક્રમ મુજબ પ્રવેશપાત્ર બનશે.**

2) આચાર્ય દ્વારા અપાયેલું અનુભવનું પ્રમાણપત્ર જિલ્લા શિક્ષણ વિભાગના માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળામાં સરકારી નોકરી કરનારે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (DEO) પ્રાથમિકમાં નોકરી કરનારે જિલ્લા પ્રા. શિક્ષણાધિકારીશ્રી (DPEO) અથવા શાસનાધિકારીશ્રી (A.O.)દ્વારા પ્રતિહસ્તાક્ષર કરેલું પ્રમાણિત હોવું જોઈએ અને બિનસરકારી પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે નોકરી કરનારે શાળાના નોંધણી નંબરવાળા લેટરપેડ પર પ્રિન્સિપાલ દ્વારા પ્રતિહસ્તાક્ષર કરેલું પ્રમાણિત હોવું જોઈએ.

**(3) અભ્યાસક્રમની સમયમર્યાદા :**

અભ્યાસક્રમની લઘુત્તમ સમયમર્યાદા બે વર્ષની રહેશે. આમ છતાં, અભ્યાસક્રમ પૂર્ણ કરવા માટેની મહત્તમ સમયમર્યાદા પાંચ વર્ષની રહેશે. જે તે પ્રવેશાર્થીએ તેનો અભ્યાસક્રમ આ સમયમર્યાદામાં પૂર્ણ કરવાનો રહેશે. ત્યારબાદ આ અભ્યાસક્રમમાં પુનઃપ્રવેશ મેળવી શકાશે નહીં.

**(4) પ્રવેશ પરીક્ષા :**

બી.એડ્.માં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ પ્રવેશ પરીક્ષામાં બેસવું ફરજિયાત છે. પ્રવેશ પરીક્ષામાં 40% એટલે કુલ ગુણ (150 માંથી 60) ગુણ મેળવનાર પ્રવેશપાત્ર બનશે.

**અભ્યાસક્રમની કુલ ફી : ૩૫,૦૦૦/-** **માધ્યમ : ગુજરાતી**

ANDROID APP ON Google play

# EDUCATIONAL APPS

5 Indigenously designed android mobile educational apps for providing vital information about the university.

All apps can be downloaded from the Google Playstore at no extra cost.

**Internet connection is not required once the apps are downloaded and installed.**

1. Info@BAOU : It provides general information of university.
2. Courses@BAOU : It provides detailed information regarding courses offered at BAOU.
3. StudyCentre@BAOU : It provides information about location and contact ditails of study centres across Gujarat.
4. I Want to Study@BAOU : It provides information to identify relevant courses based on age, educational qualification of the learner.
5. Mobipedia@BAOU: It provides information related to unfamiliar terms or words as a reply SMS with minimal cost involved.

BAOU
@ducate @nnovate @mpower
www.baou.edu.in

VANDE GUJARAT

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા પ્રસારિત કાર્યક્રમો ગુજરાત સરકારની ૨૪ x ૭ શૈક્ષણિક ચેનલ નંબર ૧૬ પર નિહાળો.
આ ચેનલ DD Free Dish DTH ઉપર ઉપલબ્ધ છે.

**આ ૧૬ ચેનલો નિહાળવા માટે સેટ-ટોપ બોક્સમાં નીચેના પેરામીટર સેટ કરવા**

**Receiving Frequency: 11550 MHz**
**Symbol Rate: 29500 KSPS**
**Polarization: Horizontal**
**FEC: 3/4**




DR. BABASAHEB AMBEDKAR
**OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)

'JYOTIRMAY' Parisar
Dr. Babasaheb Ambedkar Open University Marg,
Sarkhej- Gandhinagar Highway,
Chharodi, Ahmedabad,
Gujarat, Bharat, 382 481

Phone
079 29796223, 24, 25
02717 297170

E-mail
Info@baou.edu.in

Toll Free No.
1800 233 1020

**www.baou.edu.in**